અપીલ અરજી નં.૫૭/૦૮–૦૯ તા. ૧૨–૬–૦૮

અરજદારઃ ડો. બાબુલાલ મોતીચંદ શાહ
સામાવાળાઃ(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ,સેન્ટ્રલઝોન
(૨)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ,વરાછાઝોન

**હુકમઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. બાબુલાલ મોતીચંદ શાહની તા.૫–૫–૦૮ની અરજીથી સીવીલ એપ્લીકેશન ૨૮૫૪૫ હાઈકોર્ટ ૨૦૦૭ના કેસની વિગતો મુદ્દા નં.૧ થી ૪ તથા ૪૦ ફુટ રોડ ઉપર પ્લાન પાસ અંગેની માહિતી મમતા પાર્કથી કલાકુંજ સોસાયટી જાહેર રોડની માહિતી તાપીદર્શન વિભાગ–૨ ના પ્લાનની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૨–૬–૦૮ અને તા.૨૫–૬–૦૮ની અપીલ અરજી નં.૫૭/૦૮–૦૯

ડો. બાબુલાલ મોતીચંદ શાહની તા.૫–૫–૦૮ની અરજીથી સીવીલ એપ્લીકેશન ૨૮૫૪૫ હાઈકોર્ટ ૨૦૦૭ના કેસની વિગતો મુદ્દા નં.૧ થી ૪ તથા ૪૦ ફુટ રોડ ઉપર પ્લાન પાસ અંગેની માહિતી મમતા પાર્કથી કલાકુંજ સોસાયટી જાહેર રોડની માહિતી તાપીદર્શન વિભાગ–૨ ના પ્લાનની માહિતી આપવા બાબતે કરેલ અરજીના અનુસંધાને આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી '૪૦' ફુટ રોડ અંગે પત્ર નં.રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/આ.નં.૨૬૦ થી જયારે બાકીના મુદ્દા અંગે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૧૩ તા.૨૯–૫–૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન કક્ષાએથી જવાબ પાઠવવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે અનુક્રમે માંગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ નથી તથા ૧૯૯૧ થી ટીપી હતી જ નહીં છતાં ટીપીની રીતે જવાબ આપેલ છે. તેવા કારણસર તા.૧૨–૬–૦૮ અને તા.૨૫–૬–૦૮ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૮ તા.૧૯–૬–૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/આ.નં.૩૪૫ તા.૨૭–૬–૦૮ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી પૂરક માહિતી અત્રેના વિભાગને મળેલ છે. જયારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી આજ દિન સુધી પૂરક માહિતીની કોઈ વિગત અત્રેના વિભાગને મળેલ નથી. આ સમય દરમ્યાન અરજદાર તરફથી તા.૨૫–૬–૦૮ ના રોજ સદર અરજી સંદર્ભે ફરીથી અપીલ કરેલ છે. જેના સંદર્ભે અત્રેથી આરટીઆઈ સેલ/૨૬૫ તા.૧–૭–૦૮ થી પૂરક માહિતી માટે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ જેની આજ દિન સુધી પૂરક વિગતો મળેલ નથી.

અરજદાર તરફથી ફરીથી કરેલ તા.૨૫–૬–૦૮ ની અપીલમાં ફકત મુદ્દા નં.૮ અંગે નારાજગી વ્યકત કરી અપીલ કરેલ છે. તેમજ તે વખતે ૧૯૯૧ થી ટી.પી હતી જ નહી અને જવાબ ટી.પીની રીતે આપવામાં આવેલ છે તેવો આધાર રજૂ કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૫–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૧૩ તા.૨૯–૫–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે તથા મુદ્દા નં.૮ અંગે નિયત ફી ભરી માંગેલ નકલો મેળવી લેવા જણાવેલ છે. અરજદારે તે મેળવ્યા વિના મુળ અરજીથી અલાયદી ટીપી હતી જ નહીં તેવા મુદ્દાની રજૂઆત અપીલના તબકકે કરેલ છે. જેથી તે અંગે અપીલના તબકકે અલાયદો હુકમ કરવાનો રહેતો નથી અરજદાર ઈચ્છુક હોય તો કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

"અરજદારની મુળ અરજી પૈકી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને સ્પર્શતી માહિતી ૪૦ ફુટ રોડની માહિતી અંગે "જો૧૫ ફુટથી વધુ અને ૪૦ મીટરની અંદર હોય તો લો રાઈઝ પ્લાન પાસ થઈ શકે કે કેમ?" તેટલા મુદ્દાની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ જણાતી નથી. જેથી નહીં પૂરી પાડેલ ઉકત માહિતી કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન..... જાણ તથા અમલ માટે
(૨)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ તથા અમલ માટે
(૩)શ્રી બાબુભાઈ એમ. શાહ,